# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 17-07-2025** **Morning : 7.10 to 7.20**
**Day : THURSDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **જયેશ વેગડા** વાંચે છે.

---

1. **રાજ્ય સરકારના 12 વિકાસલક્ષી પરિયોજનાઓની કામગીરી નિર્ધારિત સમયમાં પૂર્ણ કરી અને ગુણવત્તાલક્ષી કાર્યોનું બારિકાઈથી નિરીક્ષણ કરવા અધિકારીઓને મુખ્યમંત્રીની તાકીદ.**
2. **માર્ગ અકસ્માત પીડિતોને દોઢ લાખ રૂપિયા સુધીની સારવાર વિનામૂલ્યે મળે તેવી ટૂંક સમયમાં કેશલેસ સારવાર સહાય યોજના રાજ્યમાં લાગુ થશે.**
3. **રાજ્યમાં અત્યાર સુધીમાં બે લાખ 82 હજારથી વધુ સર્વે નંબરો જૂની શરતમાં જાહેર કરાયા.**
4. **પ્રધાનમંત્રી સાથેની મુલાકાતમાં રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે રાષ્ટ્રીય પ્રાકૃતિક કૃષિ મિશનને ખેડૂતોના ઉજ્જવળ ભવિષ્ય માટેની ઐતિહાસિક પહેલ ગણાવી.**
5. **રાજ્યમાં છેલ્લા 24 કલાકમાં નહીંવત્ વરસાદ, રાજ્યમાં આગામી સાત દિવસ માટે છૂટાછવાયા વરસાદની આગાહી.**

-----------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# CM HIGH PRIORTY PROJECT

રાજ્યના વિકાસને ગતિ આપતા હાઈ પ્રાયોરિટી પ્રોજેક્ટ્સની કામગીરી નિર્ધારિત સમયમાં અવશ્યપણે પૂર્ણ થાય તે સુનિશ્ચિત કરવા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અધિકારીઓને સુચન આપી હતી. આ પરિયોજનાઓના ગુણવત્તાલક્ષી કામ માટે સંબંધિત વિભાગો સતત ફોલોઅપ અને ફિલ્ડ વિઝીટ દ્વારા મોનિટરિંગ કરતા રહેવાની પણ મુખ્યમંત્રીએ તાકિદ કરી હતી.

મુખ્યમંત્રીના અધ્યક્ષસ્થાને ગાંધીનગરમાં અગીયાર હજાર 735 કરોડ રૂપિયાની બાર વિકાસ લક્ષી યોજનાની ઉચ્ચસ્તરીય સમીક્ષા બેઠકમાં વિકસિત ભારતના વિઝનને અનુરૂપ વિકસિત ગુજરાતના નિર્માણ માટે આવા વિકાસલક્ષી પ્રોજેક્ટ્સ ઈન્ટીગ્રેટેડ એન્ડ હોલિસ્ટિક ડેવલપમેન્ટના દિશાસૂચક હોવાનો ઉલ્લેખ કર્યો હતો.

પ્રધાનમંત્રીની વતનભૂમિ ઐતિહાસિક નગરી વડનગરનું ઇન્ટીગ્રેટેડ એન્ડ હોલિસ્ટિક ડેવલપમેન્ટ, હોલિસ્ટિક ડેવલપમેન્ટ ઓફ અંબાજી, પાવાગઢ શ્રી મહાકાળી માતા મંદિર વિકાસ, કચ્છના સરહદી વિસ્તારમાં ક્રિક ડેવલપમેન્ટ એન્ડ મેનગ્રુવ્ઝ પ્લાન્ટેશન, પોરબંદર ઘેડના મોકર સાગર - કર્લી રિચાર્જનો વૈશ્વિક પ્રવાસન ધામ તરીકે વિકાસ અને દ્વારકા કોરિડોર સહિતની બાર પરિયોજનાઓની કામગીરીની સમીક્ષા કરવામા આવી હતી..

# ROAD ACCIDENT HARSH SAGHVI

ગુજરાતમાં ટૂંક જ સમયમાં “કેશલેસ સારવાર સહાય યોજના” લાગુ થશે, જેમાં માર્ગ અકસ્માત પીડિતને એક લાખ 50 હજાર રૂપીયા સુધીની સારવાર વિના મૂલ્યે

મળશે તેવી રાજ્ય સરકારે જાહેરાત કરી હતી. માર્ગ અકસ્માત ઘટડાવાના પગલાં સહિતની ચર્ચા માટે ગાંધીનગર ખાતે ગુજરાત માર્ગ સલામતી સત્તામંડળની યોજાયેલી બેઠકમાં આ જાહેરાત કરવામાં આવી હતી. બેઠકમાં અકસ્માતમાં ઘાયલ વ્યક્તિને ગોલ્ડન અવરમાં હોસ્પિટલ પહોંચાડનારને “રાહવીર યોજના” હેઠળ 25 હજાર પુરસ્કાર એનાયત કરાશે, તેમ રોડ સેફ્ટી કમિશનર સતિશ પટેલે જણાવ્યું હતું.

**(બાઇટ- સતિશ પટેલ , રોડ સેફ્ટિ કમિશનર)**

માર્ગ સલામતી અંગે જાગૃતિ કેળવવા ઉત્કૃષ્ટ કામગીરી કરનારને ‘ગુજરાત સ્ટેટ રોડ સેફ્ટી એવોર્ડ-૨૦૨૪’ એનાયત કરતાં રાજ્યમાં અકસ્માત પ્રભાવિત 82 બ્લેકસ્પોટ પર ગત વર્ષે એક પણ અકસ્માત થયો નથી, તેમ વાહન વ્યવહાર મંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું.

**(બાઇટ- હર્ષ સંઘવી , ગૃહરાજ્ય મંત્રી)**

વાહન વ્યવહાર રાજ્યમંત્રી હર્ષ સંઘવીની અધ્યક્ષતામાં યોજાયેલી બેઠકમાં બેફામ અને ગફલત ભરી રીતે ચલાવનારા વાહનચાલકો સામે કડક હાથે કામગીરી કરવાની પણ મંત્રીએ સૂચના આપી હતી.

# SHAPATH VIDHI

ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શંકર ચૌધરીએ તાજેતર માં ચૂંટાયેલા બે ધારાસભ્યોને પદના શપથ ગ્રહણ કરાવ્યા હતા.

વિસાવદરના ગોપાલ ઇટલીયા અને કડીના રાજેન્દ્ર ચાવડાને શપથ ગ્રહણ કરાવ્યા હતા. ગોપાલ ઇટાલીયા આમ આદમી પાર્ટી અને રાજેન્દ્ર ચાવડા ભાજપમાંથી ચૂંટાયાં છે. આ બંન્ને એ ધારાસભ્ય પદનાં શપથ લીધા. તેની સાથે જ હવે વિધાનસભામાં 182 ધારાસભ્યોની સંખ્યા થઈ છે.

# AHMEDABAD CASE RESOLVE

અમદાવાદ કલેક્ટર ઓફિસમાં ચાલતા તકરારી કેસોનો ઝડપથી નિકાલ કરવામા આવી રહ્યો છે. કલેકટર ઓફિસ ખાતે ગઇકાલના એક જ દિવસમાં જમીન વેચાણ, વીલ, વારસાઈ, હક કમી જેવા વિવાદિત 501 કેસોની સુનાવણી થઈ હતી.

હાલમાં છ માસ જુના કોઈ કેસોની સુનાવણી બાકી નથી. તકરારો અંગેના કેસોનો ઝડપથી નિકાલ થતાં હવે ખેડૂતોને વેચાણ કે બિનખેતી વગેરે જેવા કામોમાં ખૂબ સરળતા રહેશે. ત્યારે માર્ચ-2025થી નિયમિત સોમવાર અને ગુરૂવારની સુનાવણી સિવાય મંગળવાર, બુધવાર અને શુક્રવારની સુનાવણીઓ થાય છે.

# REVENUE CASES

રાજયમાં જુની શરત જાહેર કરવાપાત્ર સર્વે નંબરોને જૂની શરતમાં ફેરવવાની કામગીરી ની ઝુંબેશના ભાગરુપે અત્યાર સુધી ૨.૮૨ લાખથી વધુ સર્વે નંબરો જુની શરતમાં જાહેર કરવામાં આવ્યા છે. રાજયના જિલ્લાઓ ખાતેના અનધિકૃત ધાર્મિક બાંધકામો દૂર કરવા માટે ગૃહ વિભાગ દ્વારા કરવામાં આવી રહેલી કામગીરીની વિડિયો કોન્ફરન્સિંગ દ્વારા સમીક્ષઆ કવરામા આવી હતી. આ બેઠકમાં  દૂર કરવામાં આવેલા અને રી-લોકેટ કરવામાં આવેલ ધાર્મિક બાંધકામોની કામગીરીની સમીક્ષા કરીને બાકીના અનધિકૃત ધાર્મિક બાંધકામોને અન્ય સ્થળે તબદિલ કરવાની કામગીરી ઝડપથી પૂરી કરવા ગૃહ સચિવે કલેકટરોને સુચના આપી હતી.

આ બેઠકમાં મહેસૂલ વિભાગના અધિક મુખ્ય સચિવ ડૉ. જ્યંતિ રવિએ જણાવ્યું હતું કે ઇ-ગવર્નંસના માધ્યમથી જિલ્લાકક્ષાના પ્રશ્નોનું ઝડપી નિરાકરણ આવે, પ્રજાલક્ષી નિર્ણયોની સરળતાથી અમલવારી થઇ શકે તે માટે સરકાર કટિબધ્ધ છે અને સમયાંતરે સમીક્ષા બેઠક યોજી રહી છે.

## MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

ગોન્ગ મ્યુઝિક

.....................................

# RAJYPAL PM MULAKAT

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે રાષ્ટ્રીય પ્રાકૃતિક કૃષિ મિશનને ખેડૂતોના ઉજ્જવળ ભવિષ્ય માટેની ઐતિહાસિક પહેલ ગણાવી જણાવ્યું કે, સંશોધનોથી સ્પષ્ટ થયું છે કે પ્રાકૃતિક કૃષિથી ઉત્પાદન ઓછું નથી થતું. રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે નવી દિલ્હીમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સાથે શુભેચ્છા મુલાકાત દરમ્યાન આ વાત કરી હતી.

આ પ્રસંગે, બંને મહાનુભાવો વચ્ચે પ્રાકૃતિક કૃષિને જન આંદોલન બનાવવા અને તેને રાષ્ટ્રીય સ્તરે સફળતાપૂર્વક અમલી બનાવવા અંગે સકારાત્મક ચર્ચા થઈ હતી. રાજ્યપાલે પ્રધાનમંત્રીને જાણકારી આપી કે, ગુજરાતમાં પ્રાકૃતિક ખેતીને સતત પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે. આ પદ્ધતિ અપનાવીને લાખો ખેડૂતોએ ખર્ચમાં ઘટાડો, જમીનની ફળદ્રુપતામાં વધારો અને ઉત્પાદનની ગુણવત્તામાં સુધારો અનુભવ્યો છે. તેમણે એવો પણ ઉલ્લેખ કર્યો કે, આ દિશામાં રાજ્યની કૃષિ યુનિવર્સિટીઓ, કૃષિ વિજ્ઞાન કેન્દ્રો અને ગુજરાતના બિન-સરકારી સંગઠનોને સામેલ કરીને પ્રાકૃતિક ખેતીને એક વ્યાપક આંદોલનનું સ્વરૂપ આપવામાં આવ્યું છે.

પ્રધાનમંત્રી મોદીએ વિશ્વાસ વ્યક્ત કર્યો કે, દેશના ખેડૂતો પ્રાકૃતિક કૃષિ અપનાવીને કૃષિ ક્ષેત્રમાં એક નવી હરિયાળી ક્રાંતિ લાવશે, જે રસાયણમુક્ત, પર્યાવરણને અનુકૂળ અને માનવ સ્વાસ્થ્ય માટે ફાયદાકારક હશે.

# WEATHER

રાજ્યમાં ગઇકાલે નહિવત વરસાદ વરસ્યો હતો. ગઇકાલના સવારના છ વાગ્યાથી આજે મળસ્કે ચાર વાગ્યા સુધીમાં દસ તાલુકાઓમાં વરસાદ નોંધાયો હતો..જેમાં સુરેન્દ્ર નગરના વઢવાણમાં સૌથી વધુ સવા ઇંચ જેટલો વરસાદ વરસ્યો હતો.

હવામાન વિભાગે આગામી સાત દિવસ માટે રાજ્યમાં છૂટોછવાયો વરસાદ વરસે તેવી આગાહી કરી છે. આગામી **20** જુલાઈ માટે રાજ્યમાં કેટલાંક વિસ્તારોમાં ગાજવીજ સાથે વરસાદની શક્યતા છે. વરસાદની સાથે સાથે **30** થી **40** કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાય તેવી પણ હવામાન વિભાગના વડા એ કે દાસે સંભાવના વ્યક્ત કરી છે.

**(બાઇટ- એ કે દાસ, વડા હવામાન વિભાગ)**

બીજી તરફ, છોટાઉદેપુર જિલ્લામાં છેલ્લા ત્રણ-ચાર દિવસ થી વરસાદ વિરામ લેતા, તડકો નીકળ્યો છે, તેમ છતાં છોટાઉદેપુર જિલ્લામાં વગર વરસાદે ઓરસંગ નદી બે કાંઠે વહેતા લોકોમાં ભારે કુતૂહલ સર્જાયું છે.

ઓરસંગ નદીનું ઉદ્દગમ સ્થાન મધ્યપ્રદેશમાં હોવાના લઇને મધ્યપ્રદેશમાં ભારે વરસાદ વરસતા ઓરસંગ નદીમાં ભારે પૂર આવ્યું હતું, અને સવારે રામપુરા ગામના પુલ પાસે પૂર આવી પહોંચ્યું હતું, ઓરસંગ નદીના રૌદ્ર સ્વરૂપને જોવા માટે મોટી સંખ્યામાં લોકો નદી કાંઠે ઉમટી પડ્યાં હતાં.

# KARAMSAD -ANANAD MAHANAGAR PALIKA

આણંદ મહાનગરપાલિકાનું નામ બદલવા તથા અખંડ ભારતના શિલ્પી સરદાર વલ્લભભાઇ પટેલના પૈતૃક ગામ કરમસદની આગવી ઓળખ જાળવી રાખવાનો રાજ્ય સરકારે વધુ એક નિર્ણય કર્યો છે.

ધારાસભ્યો, સાંસદો, વિવિધ સંસ્થાઓ તેમજ સ્થાનિકો તરફથી આ અંગે વિવિધ રજૂઆતો કરવામાં આવી હતી. જે અઁતર્ગત આણંદ મહાનગરપાલિકાના સ્થાને "કરમસદ-આણંદ મહાનગરપાલિકા", નામાભિધાન કરવા કેબિનેટમાં ઠરાવ મંજૂર કરવામાં આવ્યો હોવાનું પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું.

**(બાઇટ: ઋષિકેશ પટેલ, પ્રવક્તા મંત્રી)**

---